## MEDIA TRACKING SHEET

| | |
|---|---|
| Publication: Gujarat Samachar | Page Name : Vadodara Edition |
| Date : 24 November 2009 | Page Number: 4 |

### બિઝનેશ ન્યૂઝ

## જીએફએલનું રૂા.૫૦૦ કરોડનું નવું મૂડીરોકાણ

વડોદરા,સોમવાર

ગુજરાત ફલોરોકેમીકલ્સ લિમિટેડ (જીએફએલ) એ તેના દહેજ પ્લાન્ટ ખાતેની ઉત્પાદક સુવિધાની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરવાનું આયોજન કર્યું છે. જીએફએલ એ આઇનોક્સ ગ્રુપ ઓફ કંપનીઝનું એકમ છે જેમણે રેફ્રીજરન્ટ કંપનીની શરૂઆત કરીને સન ૨૦૦૯ માં ગુજરાતના દહેજમાં સુસંકલીત સંકુલ સ્થાપીને ૭ અપસ્ટ્રીમ અને ડાઉન સ્ટ્રીમ કેમીકલ્સનું ઉત્પાદન શરૂ કર્યું છે.

તેનાં પ્રવર્તમાન પ્લાન્ટસના સંપૂર્ણ સ્થાયીકરણ અને ક્ષમતાનાં ઉપયોગનું ઉચ્ચ ધોરણ હાસલ કર્યા પછી હવે જીએફએલ એ તેની કોસ્ટીક સોડાની ઉત્પાદન ક્ષમતાં વાર્ષિક ૧૭૦૦૦૦ ટન સુધી વધારવા, કલોરોમીથેનની ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૧૨૦૦૦૦ ટન સુધી અને પીટીએફઈની ક્ષમતા વાર્ષિક ૧૨૫૦૦ ટન્સ સુધી વધારવા માટે અંદાજે રૂા. ૫૦૦ કરોડનું મૂડીરોકાણ કરવાનું નિર્ધારિયુછે. આ સાથે તની પાવર તથા સ્ટીમની વધારાની માંગને પહોંચી વળવ ા, જીએફએલ એ તેના કેપ્ટીવ પાવર પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતા વધારવાનું નક્કી કર્યું છે.

આ વિસ્તરણ પ્રવૃત્તિને લગતા ઇજનેરી કાર્યનો કાર્યનો પ્રારંભ થઇ ગયો છે. અને સન ૨૦૧૦ માં વિસ્તારીત સુવિધા કાર્યાન્વિત થઇ જવાની જીએફએલને આશા છે.